વડોદરા મહાનગર સેવા સદન
કમિશ્નરશ્રીની કચેરી,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર અંક/૧૭/૨૦૧૫-૧૬,
તા.૨૪-૬-૨૦૧૫.

સા.વ.વિ.જા.નં-૩૪૨ /તાઃ૨૦-૮-૨૦૧૫

**વડોદરા શહેર વિસ્તારમાં હલકી ગુણવત્તાના પાતળા પ્લાસ્ટીક કપ, પાઉચ તથા પાતળા પ્લાસ્ટીક થેલીઓ, પાન/મસાલાના પેકીંગનો ઉપયોગ જાહેર આરોગ્યને ધ્યાને લેતા બંધ કરવા બાબત.**

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં શહેરના નાગરીકોના આરોગ્યની સુખાકારી તથા તંદુરસ્ત વાતાવરણ મળી રહે તેમજ પ્લાસ્ટીક કચરાનું નિયંત્રણ કરવા તથા સરકારશ્રીના સંપૂર્ણ સ્વચ્છ ભારતના અભિયાનને સાર્થક બનાવવાના હેતુસર વડોદરા શહેરના જાહેર રસ્તા, રહેણાંક વિસ્તારો, વાણિજ્ય એકમો તથા ખાણીપીણી/ ચા / કોફી / કોલ્ડ્રીંકસ વગેરેની લારીઓ/ દુકાનો તથા અન્ય એકમો વિગેરે દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા નિયત સ્ટાન્ડર્ડ મુજબના ન હોય તેવા હલકી ગુણવત્તાના પાતળા પ્લાસ્ટીક કપ તથા પાતળા પ્લાસ્ટીક થેલીઓ, પાન/ મસાલાના પેકીંગ માટે વપરાશમાં લેવામાં આવતા પાતળા પ્લાસ્ટીકના રેપર્સ જોખમકારક હોઇ, ઉપરાંત આ હલકી ગુણવત્તાના પાતળા પ્લાસ્ટીક કપ, પાઉચ તથા પાતળા પ્લાસ્ટીક થેલીઓ, પાન/ મસાલાના પેકીંગ વેસ્ટેજનો યોગ્ય નિકાલ ન થવાથી વરસાદી ગટરોની કેચપીટોમાં એકત્રીત થવાને લીધે પાણીનું યોગ્ય વહન ન થવાને લીધે પાણીનો ભરાવો થાય છે તેમજ વરસાદી ગટરો ચોક અપ થાય છે. ઉપરાંત આ પ્લાસ્ટીકના કપ તેમજ થેલીઓ વિગેરે ડ્રેનેજની સુવેઝ લાઇનમાં પણ જવાને લીધે ડ્રેનેજ લાઇનો પણ ચોક અપ થાય છે જેના લીધે જાહેર આરોગ્ય જોખમાય છે તેથી પ્લાસ્ટીક વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ) રૂલ્સ -૨૦૧૧ ની જોગવાઇઓ અનુસાર તેમજ જી.પી.એમ.સી.એકટ -૧૯૪૯ ની જોગવાઇઓ અનુસાર વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં તેના વપરાશ, સંગ્રહ, ઉત્પાદન તથા પરીવહન માટે પ્રતિબંધ મુકવાનો નિર્ણય લેવામાં આવે છે.

જેથી વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં જાહેર રસ્તા, રહેણાંક વિસ્તારો, વાણિજ્ય એકમો તથા ખાણીપીણી/ ચા / કોફી/ કોલ્ડ્રીંકસ વગેરેની લારીઓ/ દુકાનો/ પાન - મસાલા પાર્લર તથા અન્ય એકમો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા હલકી ગુણવત્તાના પાતળા પ્લાસ્ટીક કપ, પાઉચ તથા પાતળા પ્લાસ્ટીક થેલીઓ, પાન/ મસાલાના પેકીંગ માટે વપરાશમાં લેવામાં આવતા પાઉચ તથા પાતળા પ્લાસ્ટીકના રેપર્સ વગેરેનો ઉપયોગ/ વેચાણ તાઃ૨૫-૦૬-૨૦૧૫ થી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ હુકમનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે. આ હુકમનું પાલન નહીં કરનાર સામે જી.પી.એમ.સી. એકટ -૧૯૪૯ હેઠળ તેમજ સી.આર.પી.સી. ની કલમ-૧૩૩ સહીત અન્ય કાયદાનુસાર કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ સબંધિતોને નોંધ લેવા જણાવવામાં આવે છે.

સહી. એચ.એસ.પટેલ,આઇ.એ.એસ.
મ્યુનિ.કમિશ્નર
મહાનગર સેવા સદન
વડોદરા.

નકલ રવાનાઃશ્રી ........................................................ તરફ
જાણ તથા અમલ થવા સારૂં.

હ/વહીવટી અધિકારી